REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. WPP REGD. No.GRJ-303






DATE OF POSTING : 1st OF EVERY MONTH

# સહજ-સત્સંગ


y f & 230 J»t & 20 ; ºte & CvL÷ rºtJ'e Vc y the & 2008




mJK îthI CsI



yr;blmlt ytrJCtJlt ftgbt mnfth ytvJt nN
;t ; btx vn je vtgtle JM; y A f ;bthtbt
vrhJ;l btxlt mfÔv stdJt stEy.
- ©e bt;tS



bt;br'h



ytthtrJj



એક નવીન જગત જન્મ પામી ચૂક્યું છે.
આ જગતમાં
જેઓ સ્થાન પામવા ઈચ્છતા હોય
તેમણે સાચા દિલથી એ માટે પોતાની
જાતને તૈયાર કરવી જ જોઈએ.

**- શ્રી માતાજી**



શ્રી અરવિંદ - શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં
સમજણ આપતું ગુજરાતી ભાષાનું
લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૦ વર્ષ : ૨૦
ફેબ્રુઆરી - ૨૦૦૭

**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**
**તંત્રી : ભૂપેન્દ્ર ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન : ૨૫૬૩૪૯૪

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂ. ૧૦૦/-


**: ચેક/ડ્રાફ્ટ :**
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્રના
નામે મોકલી શકાય

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005
Phone : (0281) 2563494



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮
રાજકોટ

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)



## તંત્રી સ્થાનેથી

**ભાવિયુગ માટે અતિમનસનું આગમન અનિવાર્ય બની ગયું છે.**

**- શ્રી માતાજી**

દેવોની ભૂમિકાથી પણ ઊર્ધ્વનો પ્રકાશ - એ સર્વોચ્ચ ભૂમિકા પર શ્રી અરવિંદે પ્રવેશ કરેલો. પ્રવેશ કર્યો એટલું જ નહિ પણ એ પ્રકાશનું અહીં નીચે પૃથ્વી પર અવતરણ કરાવ્યું. વિશ્વની અંદર આ પ્રકારની સિદ્ધિ હજુ સુધી કોઈને પ્રાપ્ત થઈ નથી. નહિ ઋષિ, નહિ મહાત્મા સંતો કે ભક્તોને કે કોઈ યોગીને, આ અવતરણના મૂળમાં છે આ પૃથ્વીનું એક અપૂર્વ પ્રકારનું એવું રૂપાંતર. આ મહાવિકટ કાર્ય શ્રી અરવિંદે ઉપાડેલું છે. આપણા મનથી ઉપર સંચેતન તત્વની અનેક ભૂમિકાઓ આવેલી છે અને એમાં જે સાચે સાચી દિવ્ય સૃષ્ટિ છે તેને શ્રી અરવિંદે અતિમનસ સત્યની સૃષ્ટિ એવું નામ આપેલું છે. શ્રી માતાજી કહે છે આ અતિમનસની ચેતના અને શક્તિનું સીધું અવતરણ થાય તો જ જીવનનું આત્માની રીતનું સંપૂર્ણ પણે નવીન એવું સર્જન બની શકે. ૧૯૫૬ની ફેબ્રુઆરીની ૨૯મી તારીખે આ અતિમનસનું પૃથ્વી પર અવતરણ શક્ય બન્યું. પરંતુ પૃથ્વીની ચેતના એ પ્રકાશને ગ્રહણ કરવાને તૈયાર ન હોવાને કારણે એ પ્રકાશ તિરોભૂત થઈ ગયો. એ ભવ્ય દિનને 'પ્રભુનો દિવસ'' Golden day તરીકે આશ્રમમાં આજે પણ ઊજવવામાં આવે છે.



ઘણાને પ્રશ્ન પણ થાય કે આજે પૃથ્વીપર આ પરિસ્થિતિ શા માટે રહેવા પામી છે?

મહત્વની વાત એ છે કે આજનો માનવ આ પરિવર્તનને માટે તૈયાર નથી. એ સર્વોચ્ચ પ્રકાશને પોતાની અંદર ઝીલી શકે તેવી એની ચેતના તૈયાર થયેલી નથી. આપણે એમ કહીએ કે અતિમનસના આવિર્ભાવના શ્રી અરવિંદ - શ્રી માતાજીના આ કાર્યમાં સહકાર આપવો હશે. એ પ્રકાશને ખરેખર જો ગ્રહણ કરવો હશે તો તે માટે પહેલી પાયાની વસ્તુ એ છે કે માનવોની અંદર પરિવર્તન માટેનો સંકલ્પ જાગવો જોઈએ. આ અતિમનસને તેના સાચા અર્થમાં જાણવું પડશે. એને માટે સતત ને સતત અભીપ્સા કરવી જોઈશે. તમને આ પ્રકાશની જો સ્હેજ જ ઝાંખી થાય, કે અનુભૂતિ થાય તો તો તમે પોતે જ કહેવાના કે, 'ઓહ ! પૃથ્વી પર ખરેખર જ એક નવીન જગત જન્મ પામ્યું છે. એ બધી જ વસ્તુને હવે બદલી નાંખી શકે તેમ છે. એટલું જ નહિ પૃથ્વી ઉપર અતિમનસનો આવિર્ભાવ થશે એ હવે એક જીવતી જાગતી હકીકત, એક વાસ્તવિક સત્ય બની રહ્યું છે. તમે જરા એક અન્ય દૃષ્ટિ વડે, જે યોગિક ચેતનાની દૃષ્ટિ છે એ દૃષ્ટિ વડે જગતને જોવાનું રાખો, એક એક વસ્તુ બદલાઈ રહી છે, તેના મૂલ્યાંકનો બદલાઈ રહ્યા છે, માણસોના મન બદલાઈ રહ્યા છે, બાળકોની ચેતનામાં કંઈક નૂતન ચળવળાટ જોવા મળે છે. એમની પ્રતિભા કંઈક વિશેષ પણે કામ કરતી જોવા મળે છે. તો સાથે સાથે એક દિવ્ય નૂતન સૃષ્ટિના આગમનનો વિરોધ કરતી આસુરિક શક્તિઓ પણ મેદાને પડી છે. પ્રભુની આ નૂતન શક્તિ પ્રતિ આપણે સૌએ સભાન બનવું પડશે, જીવનની અંદર જૂઠ્ઠાણાને કે અસત્યને તિલાંજલી આપવી પડશે. અતિમનસને આપણી અંદર તેનું કાર્ય કરવા કે રૂપાંતરનું કાર્ય કરવા આપણે વધુ ને વધુ ગ્રહણશીલ બનવું પડશે. આપણી જાતને એ પ્રકાશ પ્રતિ વધુ ને વધુ ખુલ્લી કરતા રહીએ, આપણે હવે આ શક્તિના વાતાવરણ

સાથે એકદમ એકરૂપ થઈ જવું જોઈએ. આપણી આસપાસના વાતાવરણમાં અત્યારે આ શક્તિ બરાબર કામ કરી રહેલી છે. એ આપણને ઘેરી વળેલી છે. આપણે શ્વાસ લઈએ છીએ ત્યારે પણ એ શક્તિ આપણી અંદર દાખલ થઈ જાય છે. તમને આજના ચીલાચાલુ જીવનનો કંટાળો આવવો જોઈએ પણ હકિકત એ છે કે માણસને પોતાને જ બદલાવવું નથી ગમતું. એની અંદર એવી કોઈ ઈચ્છા જ હોતી નથી. માણસ હજુ પણ તેની ચેતનાની અંદર તો પશુથી સ્હેજ જ આગળ વધેલો લાગે છે. આજે પણ એ યંત્રવત્ જીવે છે, એની અંદર એની એ જ જડતા રહેલી છે. અવચેતન પડેલું છે. શ્રી માતાજી તેના મૂળમાં જે કહે છે તે આ વસ્તુ કહે છે.

આપણને હવે કોઈ એવી વ્યક્તિની જરૂર છે જે ભૂતકાળની તમામ રીતોને પાછળ મૂકીને ચાલી નીકળવા તૈયાર થઈ જાય. એટલું જ નહિ જગતની અન્ય બીજી કોઈપણ વસ્તુઓ કરતાં આ નૂતન જગત એ શું હશે ? તેમાં આપણને ખૂબ ખૂબ રસ પડતો હોય - આપણે સાંભળીએ છીએ કે એક નવીન સૃષ્ટિનું સર્જન થઈ રહ્યું છે. એ વાતમાં વધુ ને વધુ રસ લેતા થવું છે. અને એ માટે આપણને સાચા સાહસવીરોની જરૂર છે. જે સાહસ ખેડી શકે, આ સાહસ છે. આપણે જે રીતે વિચારીએ છીએ એ બધું જ જૂના જગતનું લાગવા માંડે અને એક ભવ્ય રૂપાંતરને ખાતર જીવવા જેવું છે એમ દૃઢપણે માનતા થઈએ, એટલી હદે કે શરીરના કોષો સુદ્ધાં પ્રકાશની જ ઝંખના કરતા થઈ જાય. શ્રી માતાજી તો કહે છે આપણે સૌએ આ અણખેડાયેલી ભૂમિમાં કૂચ કરવાની છે. એટલું જ નહિ અત્યારના જગતમાં કદિ બનેલી નથી, એવી શક્તિઓ અવતરી રહેલી છે. તમારું પોતાનું મન માત્ર સત્યની રીતે જ વિચારતું થઈ જાય. આપણે હવે અવિદ્યાનું નહિ પણ પ્રભુના આ પરમ પ્રકાશનું કરણ બની જાય. અને તે પછી અતિમનસની ઊંચામાં ઊંચી અવસ્થામાં ભળી જવાની શક્તિ ધરાવતું હોય. એવા આ અજ્ઞાતના



વણખેડાયેલા માર્ગે ચાલી નીકળવા તૈયાર હોય એવા માણસની જરૂર છે.

શ્રી માતાજી કહે છે, આજે આ નૂતન ચેતના તથા નૂતન વસ્તુઓ આપણી પૃથ્વી ઉપર અવતરણ કરી રહી છે. એને ગ્રહણ કરવા માટે એકાગ્રતા કરવી અને પોતાની જાતને ખુલ્લી કરવી, આનાકાની વગર તેને સ્વીકારતા થવું.

આ પરિવર્તન સિદ્ધ થાય એને માટે અતિમનસને આપણી મદદની જરૂર નથી. પરંતુ આપણે એ પરત્વે ખુલ્લા થવું એટલા માટે જરૂરી છે કે ચેતનાનું આગમન વ્યર્થ પુરવાર ન થાય. તમારે એ ચેતના માટે ગ્રહણશીલ બનવાનું છે. ગ્રહણશીલનો અર્થ છે પ્રભુ તરફથી જે કંઈ આવે તેનો સહર્ષ સ્વીકાર. એ માટે નમનીય બનવાનું છે. એમાં આપણે સહજ અને સત્ય એવી વિનમ્રતા કેળવવી પડે છે. અહંભાવનો સંપૂર્ણ ત્યાગ તથા સમર્પણ - આ જો હોય તો આ અતિમનસ ચોક્કસ આપણી અંદર કાર્ય કરતું થઈ જાય ને આપણું આમૂળ દિવ્યતાની અંદર રૂપાંતર કરી નાંખી શકે. આજે હવે ભાવિયુગ માટે અતિમનસનું આગમન અનિવાર્ય બની ગયું છે. આ યુગ હવે પરિવર્તન ઝંખે છે. અને આપણે સૌએ તેમાં આ રીતે તૈયાર થવું પડે તેમ છે. માતાજી પ્રશ્ન કરે છે, શું તમે મદદ કરશો ? સહકાર આપશો ?

This issue is sponsered by
**Ravindra & Tarlika Patel**
**Abhay & Anaya**
**of U.S.A.**

# Supra Mental Manifestation
# 29, February 1956

## સુવર્ણ દ્વારનું ભંજન

### બુધવાર, ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૫૬ના દિવસે સમૂહ ધ્યાન દરમિયાન

આજે સાંજે તમારી વચ્ચે પ્રભુનું સાંનિધ્ય, મૂર્ત અને સ્થૂલ રૂપે આવીને હાજર થયું હતું. મારું સ્વપ્ન સજીવન સોનાનું હતું, એ બ્રહ્માંડ કરતાં વધુ મોટું હતું. અને મારી સામે એક વિરાટ અને પ્રચંડ સોનેરી બારણું આવી રહ્યું હતું અને તે જગતને પરમાત્માથી અલગ રહ્યું હતું.

એ બારણા ઉપર હું દૃષ્ટિ માંડી રહી હતી ત્યાં, ચેતનાના એક જ સ્ફુરણામાં, મને એ જ્ઞાન થઈ આવ્યું અને મેં સંકલ્પ કર્યો કે 'સમય આવી પહોંચ્યો છે', અને મારાં બંને હાથ વડે મેં એક પ્રચંડ સોનેરી હથોડો ઊંચકીને એ બારણા પર ઘા કર્યો, એક જ ઘા, અને એ બારણું ભાંગીને ભુક્કા થઈ ગયું.

અને પછી અતિમનસનો પ્રકાશ અને શક્તિ અને ચેતના પૃથ્વી ઉપર એક અસ્ખલિત પ્રવાહમાં નીચે ધસી આવ્યાં.

**૨૯, ફેબ્રુઆરી, ૧૯૬૦** **- શ્રી માતાજી**

---

**(કવર ચિત્ર : ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬માં બનેલી ઘટનાનું આ પ્રતિકાત્મક ચિત્ર પ્રીતિ ઘોષેતૈયાર કરેલું છે.)**



## ''સમય આવી પહોંચ્યો છે''

-સુન્દરમ્

## સુવર્ણ સૃષ્ટિનું અવતરણ

શ્રી માતાજીએ આપણને એક સમાચાર આપ્યા છે.

જગત અને પરમાત્માની વચ્ચે એક ઘણું ઘણું મોટું, પ્રચંડ બારણું હતું તેને તેમણે પોતે તોડી આપ્યું છે.

પોતે પરમાત્માની અતિમનસ સૃષ્ટિમાં ગયાં, ત્યાં આ બારણું જોયું. એ તો ઘણું સોહામણું સુવર્ણનું બનેલું બારણું હતું. અતિમનસની આખીય સૃષ્ટિ સુવર્ણની બનેલી છે. એટલે ત્યાં બધું સોનાનું હોય છે, અને ચેતન પદાર્થો સચેતન-જીવતા સોનાના હોય છે. પણ સોનાનું તોય આખરે બારણું. એ વસાયેલું હોય ત્યારે તમે તેને જોઈને આનંદ ભલે પામો, પણ એની પેલી બાજુ જવું હોય તો ન જવાય.

શ્રી માતાજી પોતે અતિમનસમાં ઊભાં છે. સામે આ મહા સુવર્ણ દ્વાર છે, પેલી બાજુ જગત પડેલું છે. આ બારણું બંધ હોય છે ત્યાં સુધી જગત અને અતિમનસ વચ્ચે કશી આવનજાવન, કશી લેવડ દેવડ, બનતી નથી. એ ખૂલતું હશે ત્યારે જગત અને અતિમનસ વચ્ચે વ્યવહાર થતો હશે. પણ બંધ હોય ત્યારે ? અને તે ક્યારે ખૂલે ? કોણ ખોલે ? શા માટે ખોલે ? એના રખેવાળ કોણ ? એ

કોના હુકમ પ્રમાણે ખુલે ? ખૂલવાની જરૂર હોય અને ન ખૂલે તો ?

અને શ્રી માતાજીને મનમાં થાય છે, જાણે કે કોઈ તેમને કહે છે, અને તે જ ક્ષણે તેમનો સંકલ્પ પણ થઈ જાય છે કે, 'સમય આવી પહોંચ્યો છે.' આ એમનો પોતાનો જ વિચાર ન હતો. જાણે કે શ્રી અરવિંદ પોતે જ બોલ્યા હતા, અંગ્રેજીમાં : 'The time has come.' શ્રી માતાજી પોતે ફ્રેન્ચમાં બોલે છે વિચારે છે તેમ નહિ. બારણા અંગેના બધા પ્રશ્નોના જવાબ જાણે મળી ગયો. બારણું શ્રી અરવિંદના ચાર્જમાં છે. એ હવે કહે છે કે આ બારણાનો નિકાલ કરવાનો સમય આવ્યો છે. એને માત્ર ખોલી નાખવાનું નથી, નાબૂદ જ કરી દેવાનું છે.

અને શ્રી માતાજી તે કરી દે છે કેવી રીતે ? કઈ શક્તિથી ? ક્યા સ્વરૂપથી ?

'મારું સ્વરૂપ સજીવન સોનાનું હતું. એ બ્રહ્માંડ કરતાં વધુ મોટું હતું... અને મારા બંને હાથ વડે મેં એક પ્રચંડ સોનેરી હથોડો ઊંચકીને એ બારણા પર ઘા કર્યો, એક જ ઘા, અને એ બારણું ભાંગીને ભૂક્કા થઈ ગયું.

પછી ? અતિમનસની અને જગતની વચ્ચે શું બન્યું ? શું શું બન્યું ?

'અને પછી અતિમનસનો પ્રકાશ અને શક્તિ અને ચેતના પૃથ્વી ઉપર એક અસ્ખલિત પ્રવાહમાં નીચે ધસી આવ્યાં.'

અને તે દિવસથી - તે ક્ષણથી અતિમનસની આ વસ્તુઓ - પ્રકાશ, શક્તિ, ચેતના અખંડ અસ્ખલિત અથંભ ગતિએ એક પ્રવાહ રૂપ. પૃથ્વી ઉપર આવી રહ્યાં છે.

આ બન્યું ફેબ્રુઆરીની ૨૯મીએ, ૧૯૫૬માં. ૧૯૬૦ના ફેબ્રુઆરીમાં ચાર વરસ પછી પાછી ૨૯મી તારીખ આવી ત્યારે શ્રી માતાજીએ આ બનાવની વિગતો આપણને જણાવી. આ બનાવ બની ગયો છે, અતિમનસનો આવિર્ભાવ થયો છે, તેનું કામ ચાલે છે, એ બધું તો તે જ દિવસથી શ્રી માતાજી કહેતાં રહેલાં છે. પણ પૂરી વિગત આ દિવસે - ૧૯૬૦ના ફેબ્રુઆરીની ૨૯મીએ આપી.



એ દિવસનો તેમણે મહા ઉત્સવ કર્યો. એને 'સુવર્ણ દિન'નું નામાભિધાન આપ્યું. હવેથી હમેશાં ૨૯મી ફેબ્રુઆરી 'પ્રભુનો દિન' બની રહેશે.

આશ્રમમાં ઘણા દિવસો ઉત્સવના અને મહા પ્રવૃત્તિના હોય છે. શ્રી અરવિંદનો સિદ્ધિ દિન, ૨૪ નવેમ્બર, શ્રી માતાજીના આશ્રમમાં અંતિમ આગમનનો દિન, ૨૪ એપ્રિલ, આ ચાર તો દર્શનના મહા દિન છે. શ્રી અરવિંદના મહાસમાધિના બે દિવસ ૫ મી અને ૯ મી ડિસેમ્બર, એક પ્રખર યોગક્રિયાના દિવસો છે. પણ આ 'સુવર્ણ દિન' સૌ ઉત્સવનો જાણે સિરમોર બનીને રહ્યો. આશ્રમમાં આવો મહાન ઉત્સવ આ પહેલાં કદી થયો નથી.

કેમ કે શ્રી અરવિંદે શરૂ કરેલા કાર્યમાં આવો મહાન બનાવ પણ આ પહેલાં કદી બન્યો નથી. શ્રી અરવિંદને પૃથ્વીને પ્રભુ સાથે - અતિમનસ સાથે બરાબર જોડી દેવી હતી. બેય વચ્ચે એક મહા સંબંધ, એક વિશાળ વ્યાપાર ઊભો કરી દેવો હતો. પ્રભુની અતિમનસ સૃષ્ટિનાં મહા તત્ત્વો પૃથ્વી ઉપર સતત વિરાટ રૂપમાં અને પ્રમાણમાં આવતાં રહે, અને પૃથ્વીની ચેતના ત્યાં અતિમનસમાં જતી થાય, રહેતી થાય એમ કરવું હતું. આ કાર્ય શ્રી અરવિંદે પોતાના દેહ મૂક્યા પછી છ વરસે બન્યું.

'આ બાબતમાં પણ શ્રી અરવિંદ દ્વારા જ કાર્ય સિદ્ધ બનેલું છે.' (શ્રીમાતાજી)

શ્રી માતાજી કહે છે આવી ઘટના પૃથ્વી સર્જાઈ ત્યાર પછી પહેલી વાર બને છે. અને જગતમાં, જગતને માટે એ એક ઘણો મોટો ક્રાંતિકારક બનાવ છે. પૃથ્વીના ઉપર એક અકલ્પ્ય એવું મહા સમર્થ તત્ત્વ આવીને કામ કરવા લાગી ગયું છે.

આશ્રમનો ઉત્સવ તે આ પરમ ચેતનાના વિરાટ કાર્યની જાણે એક નાનકડી છબી જેવો હતો, અથવા એ જ વિરાટતાનો અહીં આશ્રમમાં મૂર્ત બનેલો સઘન વ્યાપાર હતો. એ પૂર્ણ અતિમનસ અહીં પોતાના પૂર્ણ આવિર્ભાવ રૂપે માનવની સમક્ષ હાજર થયું, પૂરી સ્થલ ભૂમિકામાં, માનવ

ચક્ષુ નજરે જોઈ શકે, માનવનું શરીર, માનવના જ્ઞાનતંતુઓ સઘન રીતે અનુભવી શકે તેવી રીતે, એ ઉત્સવમાં પ્રત્યક્ષ રીતે, સશરીરે, ભાગ લેવો એને શ્રી માતાજીના સાંનિધ્યમાં, તેમના વસ્તુ ગણી છે. એ દિવસે, અહીં આશ્રમમાં શ્રી માતાજીના સાંનિધ્યમાં, તેમના વરદ આર્શીવાદ મેળવવા - એ મેળવવા આવનારાઓ અને શ્રી માતાજીની વચ્ચેનો એક અનન્ય વ્યવહાર હતો, માનવ જીવનની એ એક મહા ઘટના હતી.

સારોયે આશ્રમ તે દિવસે અપૂર્વ રીતે સજાવ્યો હતો. આશ્રમમાં વૃક્ષોની ડાળીએ રંગબેરંગી દીવાઓ ટમકતા થઈ ગયા હતા. અને શ્રી માતાજી જે ધ્યાનખંડમાં બેસીને આર્શીવાદ આપતાં હતાં તે તો જાણે અતિમનસનો સોનેરી ખંડ જ બની ગયો હતો. એ ખંડમાંની સપાટ છતને એક લંબાકાર રૂપેરી ઘુમ્મટ રૂપે કાયમની રીતે બનાવી દેવામાં આવી હતી. પેલી સપાટ નિર્જીવ છત આ ઘુમ્મટ રૂપે બદલાતાં એક જીવતી અનોખી વસ્તુ બની ગઈ હતી. આખું યે ઊર્ધ્વ ઝૂલતું આકાશ જાણે આપણા માથા ઉપર હાજર થઈ ગયું હતું, અને પોતાની અખિલ સમૃદ્ધિને આપણી છપર ઉતારી - અવતારી રહ્યું હતું, એ ઘુમ્મટની નીચે આપણને બોલાવીને શ્રી માતાજી આખીયે ઊર્ધ્વ સુવર્ણ ચેતનાને આપણામાં - આપણા મગજના ઘુમ્મટમાં, આપણા શરીરમાં, શરીરના એક એક તંતુમાં, અણુંમાં ઠાંસી ઠાંસીને ભરી આપતાં હતાં.

એ એક મહા મિલનનું, મહા પ્રાપ્તિનું સ્થાન હતું. શ્રી માતાજીએ એ સ્થાનને ખરેખર એ પ્રમાણે બનાવ્યું હતું. એ સ્થાનની પૂરી સજાવટ, તેની એક એક વિગત, એમાં આશીર્વાદ સમયે કોણ કોણ ક્યાં ક્યાં શા શા કાર્ય માટે રહેશે તે તેમણે ઝીણવટથી ગોઠવ્યું હતું. અને એ ખંડમાંની એક એક ચીજ, અથવા કહો કે જે જે ચીજને સુવર્ણ રંગ આપી શકાય તેને, - પડદા, પંખા, પાત્રો ઈ.ને સુવર્ણ સ્વરૂપ બનાવી દેવામાં આવી હતી. આપણને અતિમાનસ સૃષ્ટિનો એ સ્થૂલમાં અને સૂક્ષ્મતમમાં મૂર્ત સઘન સાક્ષાત્કાર મળ્યો.

અને આ મહા પ્રસંગ માટે સાધનાતુર માનવ મેદની પણ બેસુમાર ઊતરી



આવી હતી. આટલી મેદની ૧૯૪૭ના ૧૫મી આગષ્ટે કદાચ હશે. એ કરતાં પણ આજની મેદની વધુ હશે. આશ્રમની પાસે મહેમાનોને રાખવાનાં જે જે સાધનો હતાં તે ઓછાં પડતાં શહેરમાંના પણ સર્વ ઉતારા પાણીનાં નાનાં મોટાં સ્થાનોને રોકી લેવાં પડેલાં એના પરથી આ જનસંખ્યાનો ખ્યાલ આવશે.

અને આશ્રમ બહાર ?

આ અતિમનસનો પ્રકાશ, શક્તિ, ચેતના તો આખી પૃથ્વીને માથે વરસી રહ્યાં છે. આખી પૃથ્વીના ઉપર, પૃથ્વીના સમસ્ત વાતાવરણમાં એમનું કાર્ય ચાલી રહ્યું છે. જ્યાં જ્યાં માનવ ચેતનામાં ગ્રહણશીલતા રહેલી છે ત્યાં ત્યાં સૌ કોઈ આ સુવર્ણ સૃષ્ટિના સ્પર્શમાં આવી રહ્યાં છે.

દૂર દૂર ફિજીના ટાપુમાં રહેતો એક નવજુવાન પોતાની અંદર વળીને નજર નાખે છે ત્યારે, તેને ‘અંતર્મુખતાની પળોમાં કાળમીંઢ પથ્થર જણાય છે.’ એ છે એની આંતર ચેતનાની સ્થિતિ. પણ પછી એને ‘એકાગ્રતાની કેટલીક પળોમાં બારીક તંતુ દ્વારા પ્રવાહી સુવર્ણ પ્રકાશ ઊતરતો દેખાય છે.’ આ છે કાળમીંઢ માનવ ચેતના ઉપર ઊતરતી જીવંત સુવર્ણની ચેતના. આ ભાઈમાં એ એક બારીક તંતુ રૂપે ઊતરે છે તો બીજા અનેકોમાં તે વિશાળ ધોધમાર પ્રવાહ રૂપે ઊતરે છે. શ્રી માતાજીએ તો એ વર્ષાને એટલા ગજબ રૂપે જોયેલી કે એમને થયું કે એમની આગળ પ્લે ગ્રાઉન્ડમાં ધ્યાન કરી રહેલ બધા જ સાધક સાવ સપાટ થઈ ગયા હશે !


‘અતિમનસ નીચે આવીને દટાઈ ગયું છે અને એણે હવે પ્રયત્ન કરીને બહાર આવવાનું છે.’

- શ્રી માતાજી

જગતમાં પ્રગટ રીતે અતિમનસ કામ કરતું કેમ નહિ દેખાતું હોય તેનો જવાબ આ છે. અને જગતમાં આ જે બધી અણધારી ઊથલ પાથલો ચાલી રહી છે તે આપણે કહી શકીએ કે એ અતિમનસના બહાર આવવાના પ્રયત્ન રૂપે જ હશે. -સુન્દરમ્ (દક્ષિણામાંથી)

# Foundation of Auroville
# 28 February, 1968

## એક સ્વપ્ન




(માતૃમંદિમાં **Crystal** નો ગોળો

પોતાના ઉપર તેઓ માત્ર એક જ સત્તાની આણ સ્વીકારે, અને એ સત્તા તે પરમ સત્યની જ સત્તા હોય. એ એક શાંતિનું સ્થળ હશે, સુમેળ અને સંવાદનું સ્થળ હશે. માણસમાં રહેલી સર્વ લડાયક વૃત્તિઓનો ઉપયોગ ત્યાં



માણસનાં દુઃખો અને આપત્તિઓને જીતવા માટે, માનવની પોતાની દુર્બળતા અને અજ્ઞાનને જીતવા માટે, માનવની મર્યાદાઓ અને અશક્તિઓ પર વિજય મેળવવાને માટે જ કરવામાં આવશે. એ સ્થળે માનવની ઈચ્છાઓ અને કામનાઓના સંતોષ, સ્થૂલ આનંદોપભોગો અને આમોદપ્રમોદ એ વસ્તુઓને નહિ પણ આત્માની જરૂરિયાતોને, પ્રગતિ માટેની આતુરતાને પ્રથમ સ્થાન આપવામાં આવશે. આ સ્થળમાં બાળકો પોતાના આત્મા સાથેનો સંબંધ ગુમાવ્યા વિના મોટાં થતાં રહેશે અને એક સર્વાંગ એવો વિકાસ પામતાં રહેશે. ત્યાં કેળવણી પરીક્ષાઓ પસાર કરવા માટે તેમ જ પ્રમાણપત્રો અને નોકરી મેળવવા માટે નહિ પરંતુ માણસની અત્યારની શક્તિઓને વધુ સમૃદ્ધ કરવા માટે, તેનામાંની નવી શક્તિઓને બહાર લાવવા માટે અપાતી રહેશે. દરેક વ્યક્તિને તેના શરીરની જરૂરિયાતો એકસરખી રીતે પૂરી પાડવામાં આવશે. એ સ્થળે જેમની પાસે વધુ ઉચ્ચ પ્રકારની બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક શક્તિઓ હશે તેઓ એ શક્તિઓનો ઉપયોગ જીવનમાં વધુ આનંદો અને સત્તા મેળવવા માટે નહિ કરે, પણ તેવા લોકો પોતાના ઉપર વધુ મોટી ફરજો અને વધુ જવાબદારીઓ ધારણ કરશે. એ સ્થળે કળાનું સૌંદર્ય, તેનાં ચિત્ર, શિલ્પ, સંગીત, સાહિત્ય આદિ સર્વ પ્રકારનાં રૂપોમાં સૌ કોઈને એકસમાન રીતે સુલભ બનશે. હરેક વ્યક્તિને આ કળાઓમાંથી મળતો આનંદ માણવાની તક રહેશે. એ આનંદ માણવામાં જો કોઈ મર્યાદા હશે તો તે માણસની પોતાની શક્તિની જ મર્યાદા હશે, માણસ પોતાની સામાજિક કે આર્થિક સ્થિતિને કારણે કળાના આનંદથી વંચિત નહિ રહે. કારણ કે આ આદર્શ સ્થાનમાં પૈસાનું સ્થાન સર્વોપરિ નહિ હોય. માણસની પાસેની સ્થૂલ સંપત્તિ કે સામાજિક દરજ્જા કરતાં તેનું પોતાનું જે વ્યક્તિત્વ હશે તેને અહીં વધુ મહત્વનું ગણવામાં આવશે. આ

સ્થળે માણસો કામ કરશે તે જીવનનિર્વાહ મેળવવા માટે નહિ પણ પોતાની જાતને વ્યક્ત કરવા માટે કરશે, પોતાની શક્તિઓને તથા શક્યતાઓને ખીલવવા માટે કરશે, અને સાથે સાથે કામ દ્વારા તેઓ આખા યે સમૂહની સેવા પણ કરતા રહેશે. એ કામના બદલામાં સમૂહ દરેક વ્યક્તિને તેના નિર્વાહના સાધનો પૂરાં પાડશે, તેને કામ કરવા માટેનું ક્ષેત્ર પૂરું પાડશે. અર્થાત્ એ સ્થળે માનવના સંબંધોના પાયામાં સામાન્ય રીતે જે હરિફાઈ અને સંઘર્ષના તત્ત્વો રહેલાં હોય છે તે ચાલી જઈને સહકાર વૃત્તિ, વધુ સારું કાર્ય કરવાની વૃત્તિ કામ કરશે. બધા સંબંધો સાચા ભ્રાતૃત્વના સંબંધો બની રહેશે.

બેશક, પૃથ્વી હજી આવા આદર્શને સિદ્ધ કરી શકવા જેટલી તૈયાર નથી, કારણ કે માનવજાતિ પાસે હજી આ આદર્શને સમજવા માટે સ્વીકારવા માટેનું જરૂરી જ્ઞાન નથી, તેમ જ એ આદર્શને અમલમાં મૂકવા માટે જોઈતી સજ્ઞાન શક્તિ પણ નથી, અને માટે જ આને હું સ્વપ્ન તરીકે વર્ણવું છું.

અને છતાં, આ સ્વપ્ન એક વાસ્તવિક ઘટના બનવાની તૈયારીમાં છે. આ જ વસ્તુ અમે શ્રી અરવિંદના આશ્રમમાં એક નાનકડા પાયા પર, અમારી પાસેના અલ્પ સાધનોના પ્રમાણમાં સિદ્ધ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. બેશક, અમને આ બાબતમાં હજી સંપૂર્ણ સિદ્ધિ તો નથી જ મળી, પરંતુ એ સિદ્ધિની દિશામાં અમારી પ્રગતિ છે. થોડે થોડે કરતાં અમે આખા જગતની સમક્ષ એ લક્ષ્યને રજૂ કરીને કહી શકીશું કે, જુઓ, અત્યારની અંધાધૂંધીમાંથી નીકળીને એક વધુ સાચા, વધુ સંવાદમય, નૂતન જીવનમાં પહોંચવા માટે એક વ્યવહારુ અને અસરકારક સાધન છે અને તે આ રહ્યું.



# The Mother's Birthday
# 21, February, 1878

## શ્રી માતાજી પૃથ્વી ઉપર



પ્રશ્ન : હું જાણી શકું કે આપ પૃવી ઉપર કેટલાં સો વર્ષોથી આવી રહેલાં છો ?

ઉત્તર : પૃથ્વીની રચના થઈ ત્યારથી હું કદી પણ એને છોડીને ગઈ નથી.

૧૦.૧.૧૯૩૫

પ્રશ્ન : આપના પૂર્વ જન્મોમાં લોકો આપ સાક્ષાત્ પરમાત્મા છે, એ શું જાણતા હતા?

ઉત્તર : એનો આધાર જન્મો અને લોકો ઉપર રહેલો છે.

૧૧.૧.૧૯૩૫

પ્રશ્ન : આપ જ્યારે નાનાં હતાં, આપની બાલ્યાવસ્થામાં, ત્યારે આપ જાણતાં હતાં કે આપ સાક્ષાત્ પરમાત્મા છો?

ઉત્તર : હું સભાન હતી.

૨.૨.૧૯૩૫

પ્રશ્ન : એ શું સાચું છે કે આપ એક દિવસ અદૃશ્ય થઈ જશો?

ઉત્તર : આ અસાઃારણ વાત કોણે કહી છે?

૧૫.૮.૧૯૩૫

પ્રશ્ન : માતાજી, આ ભયંકર અંધકાર અને અજ્ઞાનની વચ્ચે અહીં રહેવાનું આપને કેવી રીતે ગમી શકે છે?

ઉત્તર : પ્રભુનું કાર્ય પૃથ્વી ઉપર કરવાનું છે એટલા માટે હું પૃથ્વી ઉપર છું અને એ સિવાય બીજા કોઈ કારણે નહિ.

૨૩.૮.૧૯૩૫

પ્રશ્ન : 'હું જાણું છું કે એ અવતરણ નાની અપૂર્ણતાઓ, અસંખ્ય આસક્તિઓના એક આખા સમૂહનું બનેલું છે' (પ્રેઅર્સ એન્ડ મેડિટેશન્સ, ૧૧ ડિસેમ્બર, ૧૯૧૨)

હું માનું છું કે આ આવરણ પરમાત્મા અને અંધકારમય સ્થૂલ જગતની વચ્ચે આવેલું છે, પણ એને આપની સાથે કાંઈ જ સંબંધ નથી.



ઉત્તર : મારું કાર્ય કરવા માટે સ્થૂલ જગત અને તેની અપૂર્ણતાઓ સાથે મને પોતાને એકરૂપ કરી દેવાની ફરજ પડેલી છે.

પ્રશ્ન : 'તારું કાર્ય અને મારું જીવન, મારું વ્યક્તિત્વ અને આખીયે પૃથ્વી એ બે વચ્ચે ભેદ કરવામાં હું વધુ ને વધુ નિષ્ફળ થઈ રહી છું.' (પ્રેઅર્સ એન્ડ મેડિટેશન્સ, ૧૯ જૂન ૧૦૧૩) આનો અર્થ શું એમ થાય કે આપનું સારું યે જીવન એક પરમ કાર્ય થઈ ગયું હતું અને આપ આખીયે પૃથ્વી બની ગયાં હતાં - પૃથ્વી સાથે એકરૂપ?

ઉત્તર : હા.

(બ્રેવ ઓવ ગ્રેઈસ' (૧૯૭૩)માં આવેલા લેખ 'માઈ વર્લ્ડઃ ધ મધર' માંથી શ્રી અરવિંદ સર્કલ, ૧૯૭૮માં મુકાયેલું)

(એક બાળકના પ્રશ્નોને શ્રી માતાજીનો ઉત્તર)

પ્રશ્ન : પરમાત્માએ તમને જ્યારે જગત બનાવવાનું કહ્યું ત્યારે કઈ વસ્તુ કરવાની છે એની તમને કેવી રીતે ખબર પડી?

ઉત્તર : એ વિષે મારે કશું જાણવાનું ન હતું. કેમ કે પરમાત્મામાં દરેક વસ્તુ રહેલી જ હોય છે; સારું યે જગત, એ જગત વિષેનું જ્ઞાન અને તે બતાવવાની શક્તિ. એમણે જ્યારે નક્કી કર્યું કે એક જગત થવું જોઈએ, ત્યારે પ્રથમ તેમણે એ જગત વિષેનું જ્ઞાન તથા તે બનાવવાની શક્તિ બહાર આણ્યાં અને એ વસ્તુ તે હું છું અને પછી તેમણે મને જગત બનાવવા માટે આજ્ઞા કરી.

૨૫.૯.૧૯૫૭ **-શ્રી માતાજી**

પૃથ્વીના આરંભથી જ્યારે જ્યારે ને જ્યાં જ્યાં પ્રકાશની જરૂર હતી ત્યાં ત્યાં હું હતી.

**-શ્રી માતાજી**

# અતિમનસના આવિર્ભાવ

પ્રશ્ન : આપે કહ્યું છે કે, 'જે જે વસ્થતુઓનાં વચન અપાયાં છે તે બધી સિદ્ધ થઈ છે.' તો આ વસ્તુઓ કઈ કઈ છે ?

આ વચનો તો બહુ લાંબા કાળથી-દૂર દૂરના ભૂતકાળથી અપાતાં આવેલાં છે. કેવળ આપણે ત્યાં જ નહિ પણ પૃથ્વીનો આરંભ થયો ત્યારના વખતથી એને વિષે વાતો  થતી રહેલી છે. અનેક પયગંબરોએ અનેક રીતની ભવિષ્યવાણીઓ ભાખેલી છે કે, 'એક નવું સ્વર્ગ, એક નવી પૃથ્વી અસ્તિત્વમાં આવશે, એક નવી માનવજાતિ જન્મ પામશે, જગતનું રૂપાંતર થશે, ઈ.ઈ. અને હરેક ધર્મના પયગંબરો એ આ વાત કરેલી છે.

પ્રશ્ન થ આપે કહ્યું છે કે 'એ બધી બાબતો સિદ્ધ થઈ છે' પણ તો આ નવી માનવજાતિ ક્યાં છે ?

નવી માનવજાતિ ? એને જોવા માટે તો તમારે થોડાંક હજાર વર્ષો થોભી જવું પડશે, પછી દેખાશે. પૃથ્વી ઉપર મનનું અવતરણ થયું ત્યારે પૃથ્વીના વાતાવરણમાં તેનો આવિર્ભાવ થયો અને પૃથ્વી ઉપર પહેલો માણસ પ્રગટ થયો



એ બે ક્ષણોની વચ્ચે લગભગ દસેક લાખ વરસ વીત્યાં હતાં. પણ આપણી આ નવી માનવજાતિ આના કરતાં વધારે વહેલી પ્રગટ થશે, કારણ કે માણસને આ વસ્તુનો હવે કાંઈક ઝાંખો સરખો પણ ખ્યાલ આવી ગયો છે, હવે માણસ કોઈક રીતે અતિમાનવના આગમનની રાહ પણ જોતો થયો છે. હા, પૃથ્વી ઉપર માણસનો જન્મ થવાનો હતો ત્યારે વાનરો તેના જન્મની રાહ જોવા લાગ્યાં ન હતાં. એમને તો એ બાબતનો વિચાર સરખો પણ નહિ આવ્યો હોય, કેમકે તમે જાણો છો કે વાંદરા કંઈ બહુ વિચાર કરતાં હોતા નથી. પણ માણસમાં તો વિચારશક્તિ છે, તેણે અતિમાનવનો વિચાર કરેલો છે, અને એના વિચાર કરવાથી અતિમાનવનું આગમન વધારે જલદીથી બની આવશે. પણ 'વધારે જલદી' એટલે પણ થોડાંક હજાર વર્ષો તો ખરાં જ. એટલે આપણે પણ હવે આ વિષેની વાત થોડાંક હજાર વર્ષ પછી કરીશું !

એ વાત ભલે એ રીતની હોય, પરંતુ અત્યારે પણ જગતમાં જે લોકોની આંતરિક રીતની તેયારી હશે, જેઓ ઉર્ધ્વ શક્તિઓ તરફ ખુલ્લાં હશે તેમ જ તેમની સાથે સંબંધમાં હશે, તેમ જ અતિમાનસના પ્રકાશ તથા ચેતના સાથે થોડાઘણાં પણ અંગત સંપર્કમાં આવ્યા હશે તે લોકોને પૃથ્વીના વાતાવરણમાં હવે જે ફેરફાર બની આવ્યો છે તેની જરૂર ખબર પડશે.

સમાન તત્ત્વ જ સમાનને જાણી શકે છે એ ન્યાયે પૃથ્વીના વાતાવરણમાં અત્યારે જે અતિમાનસ કામ કરી રહેલું છે તેને માત્ર વ્યક્તિત્વમાં આવેલી અતિમાનસ ચેતના જ જાણી શકશે. માણસોએ કોઈક રીતે પણ પોતામાં આ દૃષ્ટિ વિકસાવી હશે તેમને આ અતિમાનસનું કાર્ય જરૂર દેખાઈ શકશે. પણ જગતમાં એવા માણસો પણ છે કે ખ્યાલ હોતો નથી, પોતાનો આત્મા કેવો હશે તેની વાત કરવાનું તેમને કહો તો તેઓ જરા મૂંઝાઈ પણ જાય. આવા માણસોને પૃથ્વીના વાતાવરણમાં જે ફેરફાર થઈ આવ્યો છે તેની કશી ખબર ન જ પડે એ સ્વાભાવિક છે. આ વસ્તુ સમજવા માટે તેમણે ખૂબ ખૂબ વિકાસ પામવાનું

રહેશે. જે લોકોની ચેતના મોટે ભાગે તેમના બાહ્ય સ્વરૂપમાં, એટલે કે મનમાં, પ્રાણમાં અને શરીરમાં જ માત્ર કેંદ્રિત બનીને રહેતી હોય છે તેવા લોકોને તો જગતમાં જ્યારે એકદમ અણધાર્યું બની આવે, કોઈ બનાવ પ્રચંડ રૂપે તેમની આગળ ખડો થાય ત્યારે જ ખરેખર કંઈ મહાન ઘટના બની છે એવી ખાતરી થાય છે. અને એવી ઘટનાને એ લોકો પછી ચમત્કાર તરીકે ઓળખાવે છે.

અરે, પણ આ જગતમાં તો એક અખંડ ચમત્કાર સતત બન્યા કરતો રહે છે. જગતના પ્રવાહમાં સતત અનેક શક્તિઓ દાખલ થતી રહે છે, અને તે પરિસ્થિતિઓને તથા માણસોનાં ચારિત્ર્યને બદલતી રહે છે, અને તેની એક ઘણી વ્યાપક અસર થતી રહે છે. પણ આ વસ્તુ ચમત્કાર ગણાતી નથી. માણસોને માત્ર બાહ્ય સ્વરૂપ જ દેખાય છે અને બધું એને સ્વાભાવિક રીતે જ બનતું હોય એમ લાગે છે. પણ ખરું જોતાં તો જગતમાં જે જે કાંઈ બને છે તેમાંની એક નાનામાં નાની વસ્તુ વિષે પણ તમે જો વિચાર કરવા લાગશો તો એ એક ચમત્કાર જ થઈ રહ્યો છે એમ તમારે કહેવું પડશે. એ તો માણસ, પોતે આ બધી નાની મોટી વસ્તુઓ વિષે કશો વિચાર જ કરતો નથી એટલે બધું જેમ બને છે તેવું સ્વીકારી લે છે. તમારા જીવનમાં તો રોજેરોજ કેટલાય પ્રસંગો એવા બનતા રહે છે કે જ્યારે તમને પ્રશ્ન થઈ આવવો જોઈએ કે અરે, આ તો ખરેખર નવાઈ ભરેલી બાબત છે ! આ બની જ કેવી રીતે ? પણ તમને આવો કોઈ પ્રશ્ન થતો નથી. તમને વસ્તુઓને ઉપર ઉપરથી જ જોવાની ટેવ પડેલી છે એટલે આ બધું બને છે છતાં તમને કશું જ આશ્ચર્ય થતું નથી.

પ્રશ્ન : આ જે નવી ચેતના આવિર્ભાવ પામી છે એના તરફ અમારું વલણ કેવું હોવું જોઈએ ?

એનો આધાર તમે એ ચેતનાનો કેવી રીતે લાભ લેવા માગો છો તેના ઉપર રહે છે. તમે એને જો એક કુતૂહલની વસ્તુ ગણતા હશો તો પછી એના તરફ તમે એક બાહ્ય રીતે નજર નાખશો અને એને સમજવાનો પ્રયત્ન કરશો. પરંતુ એની



દ્વારા જો તમે તમારું સ્વરૂપ જ બદલી લેવા માગતા હશો તો પછી તમારે એના તરફ ખુલ્લા બનવાનું રહે છે અને પ્રગતિ કરવા માટે પ્રયત્ન કરવાનો રહે છે.

પ્રશ્ન : મન જ્યારે અવતરણ પામ્યું ત્યારે વાનરે પોતે પોતાને માનવમાં પલટવા માટે કોઈ પ્રયત્ન કર્યો નહોતો. એ પ્રયત્ન તો પ્રકૃતિ તરફથી જ થયો હતો ને ? પરંતુ અહીં....

પણ માનવનું જે અતિમાનવમાં રૂપાંતર થવાનું છે તે કાંઈ માણસ પોતે જ કરવાનો નથી ?

પ્રશ્ન : નહિ ?

જરા પ્રયત્ન કરી જો જો એટલે ખબર પડશે ! જગતમાં હવે કોઈક બીજી વસ્તુ આવીને કામ કરવા લાગી છે એ શું સત્ય હકીકત નથી ?

પણ આ બાબતમાં હું અનુદાર નહિ થાઉં. માણસ પણ પેલી વસ્તુને સહકાર આપી શકે તેમ છે. એનામાં જે શુભ ભાવના અને અભીપ્સા રહેલી છે એ વડે તે પોતાને એક પ્રક્રિયાની અંદર દાખલ કરી શકે છે, અને પોતાની બને તેટલી બધી મદદ કરી શકે છે. એટલા માટે જ મેં કહ્યું છે કે નવી માનવજાતિનું આગમન વધુ જલદી બની આવે એવી આશા રાખું છું કે એ આગમન ઘણું ઘણું જલદીમાં જલદી બનશે તેને પણ કાંઈક વખત તો લાગશે જ.

આપણી વ્યક્તિગત રીતે વિચાર કરીએ તો અહીં રહેનાર દરેકને માટે હવે આ રીતનું કામ રહે છે. તમે તમારી જાતને હવે તૈયાર કરવા લાગો, એ શક્તિને તેના કામમાં મદદરૂપ થવા માટે એની સાથે અંગત રીતે બને તેટલા ગાઢ સંપર્કમાં આવો, અને તમારાથી જો મદદરૂપ ન જ થવાય તો પછી એટલું કરો કે આ શક્તિ જ્યારે પોતાનો આવિર્ભાવ કરે ત્યારે તેને માટે તમે તૈયાર થઈને બેસો, તેનો સ્વીકાર કરો, તેના પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરો. અત્યારે તો તમારામાં જે એક વસ્તુ રહેલી છે તે હજી બહાર આવિર્ભાવ પામેલી નથી

અને એ અવસ્થામાં તમારે માટે આ નવી શક્તિ એક અજાણી વસ્તુ જેવી જ બની રહેલી છે. પણ તમારે હવે આ શક્તિના વાતાવરણ સાથે એકદમ એકરૂપ થઈ જવું જોઈએ. તમારી આસપાસના વાતાવરણમાં અત્યારે આ શક્તિ બરાબર આવી રહેલી છે, એ તમને વીંટળાઈને બેઠેલી છે, એ તમારામાં દાખલ થઈ રહેલી છે. તમારી અંદર જો એનો નાનકડો પણ સંપર્ક થશે તો તમે તેને તરત જ ઓળખી શકશો, ખરું કે નહિ?

ભલે, પણ એ વાત સાચી ચે કે જેને આ શક્તિનો એક નાનો સરખો પણ આંતરિક સંપર્ક હતો તેમની પાસે આ શક્તિ પહોંચેલી છે. એ લોકો તેને ઓળખી શક્યા છે, એનો અનુભવ પામ્યા છે અને બોલી ઊઠયા છે : આહ, ખરેખર, એ આવી ગઈ છે !

એ તો બધા જાણે છે કે સમાનને પિછાની શકે છે. આ તો તદ્દન દેખીતી વાત છે. એક વખતે અતિમનસ સાથે વ્યક્તિગત રીતે સંબંધમાં આવવાની શક્યતા હતી. અને શ્રી અરવિંદે લખ્યું હતું કે આવી રીતૈ સંબંધમાં આવવાની શક્યતા હતી. અને શ્રી અરવિંદે લખ્યું હતું કે આવી રીતે સંબંધમાં આવવું એ એક જરૂરી પ્રક્રિયા છે. અને અમુક લોકો પોતાની આંતરિક સાધના દ્વારા તથા અભીપ્સા દ્વારા આ શક્તિના સંપર્કમાં આવ્યા પણ હતા. આ વસ્તુને આપણે અતિમાનસ પ્રત્યેના આરોહણ તરીકે વર્ણવી છે. આ સંપર્ક માણસોએ ભલે એક આંતરિક રીતના આરોહણ દ્વારા, એટલે કે સ્થૂલ ચેતનામાંથી બહાર નીકળી જઈને સાધ્યો હોય તો પણ એ રીતે એ લોકો અતિમનસને અડી આવ્યા તો છે જ. અને આવા લોકોને એ શક્તિનું અહીં આગમન થાય ત્યારે અવશ્ય ખબર પડી આવે એ તો સ્વાભાવિક જ છે. પણ આવી ખબર પડવા તમને એકવાર અતિમાનસનો સ્પર્શ તો થવો જ જોઈએ. એવા સ્પર્શ વિના માણસ કેવી રીતે ઓળખી શકે કે આ અતિમાનસ છે?

આમ આ વસ્તુને જગતમાં બનવા માટેની પદ્ધતિ આ રીતની છે એમ



આપણે કહી શકીએ. જગતમાં કેટલીક વ્યક્તિઓ આવી સાધનાના આદિ પ્રારંભકારો જેવી હોય છે. પોતાની આંતરિક તપસ્યા દ્વારા તેમ જ આંતરિક પ્રગતિ દ્વારા તેઓ પેલી નવી શક્તિ સાથે સંબંધમાં આવે છે. એ લોકોની તપસ્યાના પરિણામે પેલી શક્તિને પૌતાનો આવિર્ભાવ કરવો પડે છે, અને એ આવિર્ભાવ થતાં એ લોકો એને પોતામાં ઝીલી લે છે. આ રીતે પેલી શક્તિ પ્રત્યે જેમ જેમ પુકારો થતા જાય તેમ તેમ તેનો આવિર્ભાવ શક્ય બનવા લાગે છે, એ માટેનો યુગ, એ માટેની ક્ષણ આવી પહોંચે છે. જગતમાં આ રીતે આવિર્ભાવ બને છે.

જગતમાં જેઓ તૈયાર હશે તેમને આ આવિર્ભાવની ખબર અવશ્ય પડશે.



**ઓરોવિલનું એક મકાન**



શ્રી માતાજી - તવ ચરણે





શ્રી માતાજી બાલ્કની દર્શન

# અતિમનસ યોગ



અતિમનસ યોગમાં એકી સાથે બે વસ્તુઓ આવેલી છે : પ્રભુપ્રત્યેનું આરોહણ અને દેહધારી બનેલી પ્રકૃતિમાં પ્રભુનું અવતરણ.



આ આરોહણ આત્મા, મન, પ્રાણ, શરીર એ સર્વની અભીપ્સાને એકીસાથે અને એક - કેન્દ્રિત કરીને ઉપરની દિશા તરફ વાળવામાં આવે તો જ સાધી શકાય અને આ અવતરણ તમારું સારું યે સ્વરૂપ અનંત શાશ્વત પરમાત્મા પ્રત્યે પોતાનો પુકાર નાખે તો જ બની શકે આ પુકાર અને આ અભીપ્સા જો હાજર હશે, અથવા તો કોઈ સાધન દ્વારા એ જો ઉત્પન્ન થઈ શકે, સતત વૃદ્ધિ પામતાં રહી શકે અને સારીયે પ્રકૃતિને જો પોતાની પકડમાં લઈ શકે તો જ અને ત્યારે જ પ્રકૃતિનું અતિમાનસ રીતનું ઉત્થાન, અતિમાનસ રીતનું રૂપાંતર સંભવી શકે.

પુકાર અને અભીપ્સા એ તો માત્ર પહેલી વસ્તુઓ છે. એ બંનેની સાથે સાથે તેમજ એમની એક સમર્થ તીવ્રતા દ્વારા સારાયે સ્વરૂપનું પરમાત્મા પ્રત્યે ઉદ્‌ઘાટન થઈ જવું જોઈએ, સારાયે સ્વરૂપનું પૂર્ણ સમર્પણ થઈ જવું જોઈએ.

આ ઉદ્‌ઘાટન એટલે કે પ્રભુની બૃહત્ દિવ્ય ચેતનાને નિર્બંધ રીતે પોતામાં ઝીલવા માટે સારીયે પ્રકૃતિને, તેની તમામ ભૂમિકાઓ ઉપર, તેના તમામ ભાગોમાં ખુલ્લી કરી દેવી. આ દિવ્ય ચેતના માનવના આ અર્ધસચેતન મર્ત્ય જીવનને સર્વત્ર વીંટળાઈને, એની પાછળ તેમજ એનાથી ઊર્ધ્વમાં પહેલેથી જ આવી રહેલી છે.


આ ઉપરથી આવતી ચેતનાને ઝીલવામાં એમ થવું જોઈએ કે તેને આપણામાં ધારણ કરવામાં લેશ પણ અશક્તિ ન રહે, ઉપરથી આવતા રૂપાંતરકારી દબાણ હેઠળ આપણામાંનું કશું પણ, મન પ્રાણ, જ્ઞાનતંતુઓ યા શરીરમાં કશી પણ વસ્તુ ભાંગી ન જાય. આપણામાં એક અખૂટ ગ્રહણશીલતા હોવી જોઈએ, દિવ્ય શક્તિના એક સદાય વધુ ને વધુ પ્રખર બનતા જતા, વધુ ને વધુ આગ્રહાત્મક બન્યે જતા કાર્યને સહન કરવા માટેની એક સતત વૃદ્ધિમાન શક્તિ હોવી જોઈએ. આટલી વસ્તુઓ ન હોય તો કશું પણ મહાન કે

સ્થાયી કામ નહિ થઈ શકે, આટલી તૈયારી નહિ હશે તો છેવટે જતાં યોગ પડી ભાંગશે, અથવા તો તે નિષ્ક્રિય બની અટકી પડશે, એની પ્રક્રિયામાંથી અસરકારકતા ચાલી જશે, કોક ભયંકર એવી સ્થગિતતા આવી જશે. આ પ્રક્રિયા સંપૂર્ણ અને સર્વાંગીણ બની શકે તો જ તે નિષ્ફળતામાંથી બચી જશે.


પરંતુ કોઈપણ માનવ સ્વરૂપમાં આવી અસીમ ગ્રહણશીલતા, આવી અફર શક્તિ તો છે નહિ એટલે દિવ્ય શક્તિ પોતે જેમ જેમ નીચે અવતરતી જાય તેમ તેમ વ્યક્તિની શક્તિમાં વૃદ્ધિ કરતી જાય, પ્રકૃતિમાં કાર્ય કરવાને ઉપરથી આવી રહેલી શક્તિના જેટલું જ બળ એ શક્તિને ઝીલનારી શક્તિમાં પણ તૈયાર થતું જાય તો જ અતિમાનસ યોગ સફળ બની શકે. આપણા તરફથી પ્રભુના હાથમાં આપણું સમર્પણ વધુ ને વધુ વધતું જાય તો જ શક્ય બની શકે છે. આપણા તરફથી ઉપરની શક્તિના કાર્યમાં સંપૂર્ણ, સદાય તત્પર એવો સહકાર મળતો રહેવો જોઈએ, આપણી અંદર જે કાર્ય કરવાનું છે તે અંગે જે કાંઈ કરવું જરૂરનું હોય તે સર્વ કાર્ય કરવા દેવાની દિવ્ય શક્તિને આપણે સંમતિ આપતા રહેવું જોઈએ.

માણસ પોતાના પ્રયત્ન - બળે તો પોતાને માણસ કરતાં કાંઈ વિશેષ બનાવી શકે તેમ નથી. બીજી કોઈ શક્તિને સહાય વિનાની કેવળ પોતાની જ શક્તિના આધારે આ મનોમય માનવ પોતાને અતિમાનસ રૂપમાં પલટી શકવાનો નથી. આ માનવ પાત્રમાં પરમાત્માની દિવ્ય પ્રકૃતિનું અવતરણ થાય તો જ માનવને દિવ્યતાનો ઘાટ મળી શકે તેમ છે.






**શ્રી માતાજી**
**દસ વર્ષની ઉંમરે**



માતૃમંદિર





# મા

દૈનિક જીવનમાં (૪૦) ભૂપેન્દ્ર ત્રિવેદી



હજુ આપણે એ ખરેખર નથી જાણતા કે અર્પણ - એટલે શું ? અર્પણની પાછળ ક્યું તત્વ કાર્ય કરતું હોય છે ? કોઈને કંઈક આપી દેવું તેટલાથી કાંઈ

અર્પણ થઈ જતું નથી. અને તમારાથી કોઈ મહાન ચેતનાશક્તિને જ્યાં સુધી કાંઈપણ અર્પણ કર્યું નહિ હશે (કે પછી સમર્પણ) ત્યાં સુધી તમે પોતે કાંઈ જ નથી. તમે જીવનમાં કશું જ બની શકતા પણ નથી. આ અર્પણનો મહિમા તો અપરંપાર છે. તેના પરિણામો કલ્પનામાં આવે નહિ તેવા હોય છે. એની સમગ્ર પ્રક્રિયા જ અલૌકિક ને અદ્‌ભૂત છે. એ કાંઈ આપણા માનુષી મનમાંથી ઉદ્‌ભવેલી ન હોવી જોઈએ. તમારી પોતાની જ અંદર એક દૈવી સંકલ્પ જાગતો હોય છે, અથવા તો મા ભગવતી જ તમને એ માટે પ્રેરણા કરતી હોય છે ને પછી તમે અર્પણ કરો છો. તમે પોતે તમારી રીતે તો કાંઈ કરતા જ હોતા નથી. તમામ વસ્તુ ઊર્ધ્વમાંથી આવે છે. ને આપણી અંદર એક કદિ નહિ વિચારેલી ઘટના ઘટી જતી હોય છે.

શ્રી માતાજીનાં યોગદર્શનમાં અર્પણ - સમર્પણનો અપાર મહિમા રહ્યો છે અને શ્રી માતાજીએ અર્પણ - સમર્પણનો મહિમા સમગ્ર જગતને જે રીતે આપ્યો તે કદાચ ભાગ્યે જ કોઈએ ચરિતાર્થ કરીને સમજાવ્યો હશે. માતાજી કહે છે સૌથી અગત્યનું સમર્પણ તો તમારી પોતાની જ પ્રકૃતિનું - તમારા ચરિત્રનું સમર્પણ - તમારી પોતાની જ પ્રકૃતિનું - તમારા ચરિત્રનું તમારી જીવન જીવવાની પદ્ધતિનું છે, જેથી એમનું રૂપાંતર (દૈવી ચેતનામાં) સિદ્ધ થઈ શકે. નહિ તો આપણી પ્રકૃતિનું કદાપિ રૂપાંતર નહિ થશે. એવા બાળકની માફક કે જે કદિ તર્ક નથી કરતો, કશી કોઈ ચિંતા નથી કરતો - આપણે આપણી આખી ય જાતને ભગવાનને સોંપીએ કે જેથી ભગવાનની ઈચ્છા પૂરી થઈ શકે, તમે નહિ માનો શ્રી માતાજીએ માત્ર વાત જ કહી નથી પણ તે સમગ્રવસ્તુને ચરિતાર્થ કરીને જગત સમક્ષ રજુ કરેલ છે. માતાજી સર્વ પ્રથમવાર ફ્રાંન્સથી ભારત આવ્યા અને પોતાના ગુરુદેવને પ્રથમવાર મળ્યા - જોયાં - ને જોતાંવેત એમણે શ્રી અરવિંદ જેઓને તેઓ



પોતાના ગુરુદેવ તરીકે આરાધી રહેલા. એમના ચરણોમાં એમણે પોતાની આખી ય જાતનું - સમગ્રપણે સર્વાંગી સમર્પણ કરી દીધું. એ સમર્પણ વિશ્વમાં અજોડ કહી શકાય એવું સમર્પણ હતું - શ્રી અરવિંદને પણ એનું આશ્ચર્ય તો થયેલું કે આટલી હદેનું સમર્પણ અદ્‌ભૂત જ હતું.શ્રી માતાજીએ એમના ચરણોમાં પોતાની જાતનું આ આધ્યાત્મિક સમર્પણ કર્યું. તેની વિગતોમાં આપણે જો ઊતરીએ તો શ્રી માતાજીએ વિનમ્રપણે સમર્પણ કરતા જ એમના હૃદયમાં અર્પણના જે ભાવ જાગ્યા તે વિશે તેઓએ જે પ્રાર્થના કરી કે ''તું કે જેની પ્રથમ દર્શન મારા સત્વના સ્વામી અને મારા પ્રભુ તરીકે મને પીછાન થઈ તે, મારા નૈવેદ્યનો સ્વીકાર કર.'' ''તારાં જ છે મારા સર્વ વિચાર, મારી સકળ ઉર્મિઓ, મારાં હૃદયના સઘળાં ભાવો, મારી બધી ઈન્દ્રિયજન્ય અનુભૂતિઓ, મારા પ્રાણની તમામ ક્રિયાઓ, મારા દેહનું અણુએ અણુ, મારા રક્તનું એક એક બિંદુ, બધું તારું જ છે. સર્વાંશે અને સર્વભાવે હું ત્વદીય છું. મારા માટે તું જે ઈચ્છા કરીશ તે હું બનીશ. જીવન કે મરણ, સુખ કે દુઃખ, હર્ષ કે શોક, જે કંઈ મારે માટે તું પસંદ કરીશ, જે કંઈ તારી અનેક બક્ષીસોમાંની પ્રત્યેક મારે માટે સદાય પરમ આનંદ લાવનારી દિવ્ય બક્ષીસ બની રહેશે.

આવું હતું શ્રી માતાજીએ સદ્‌ગુરુ દેવના ચરણોમાં પોતાની જાતનું કરેલું આ આધ્યાત્મિક સમર્પણ, એ માટે કોઈ શબ્દો જડતા નથી - એ આખીય મનસાતીત ઘટના હોય છે. આ ઘટનાએ જાણે કે એક નૂતન યુગને પૃથ્વીપર ઊતારી લાવ્યો. લાખ્ખો લોકોને તેમની ચેતના તરફ વાળ્યાં.

શ્રી માતાજી શ્રી અરવિંદની ચેતનામાં ભળી ગયા. તેમની ચેતના સાથે એકરૂપ થઈ ગયા. એ જે બે હતા તે હવે એક બની ગયા. પણ આ સમર્પણની અલૌકિક ક્રિયાની પાછળ પરમ પ્રભુની જ યોજના હતી. સાચું સમર્પણ આપણી ચેતનાનો વિસ્તાર કરી આપે છે. આપણી શક્તિઓને વધારે છે. અને

સૌથી મહત્વનું તો એ છે કે આજ સુધી આપણે પોતે જ કરી શકતા નહોતા તે એવી વસ્તુઓ, શક્તિઓ, ગુણોમાં વધારો થાય છે. સમર્પણને પરિણામે વ્યક્તિ ખૂબ જ સમૃદ્ધ બની જાય છે પણ એ સમૃદ્ધિ ભૌતિક રીતની નહિ પણ આંતરિક સમૃદ્ધિ. તમે જ્યારે માતાજીને તમારું અર્પણ કરો છો ત્યારે તમે પછી એક તદ્દન નવી જ દુનિયામાં પ્રવેશો છો. અને આપણે આપણું પોતાનું કહીશ શકાય એવું કંઈ છે પણ શું ? અને તમે જ્યારે એમ કહો કે વિચારો કે હું આ વસ્તુનું માતાજીને અર્પણ કરું છું તો તમારે એમ ખાસ માનવું કે એ તમારું સાચું કે પૂર્ણ સમર્પણ હોતું નથી. અર્પણની ક્રિયા પાછળ કંઈ જ હોતું નથી. એમાં ક્યાંય 'હું' તો પ્રવેશી જ ન શકે. મન તો કદાપિ નહિ જ. એક માત્ર તમારી ચૈત્ય-ચેતનામાંથી એ અર્પણ થવું જોઈએ. ત્યારે જ એને અર્પણ કહેવાય છે અને સાચું અર્પણ તો ત્યારે જ શક્ય બને છે જ્યારે આપણી ચેતનાની અંદર નવજન્મની ઘટના બનતી હોય છે. એ ન બને ત્યાં સુધી બધી જ માનસિક ક્રિયાઓ જ હોય છે. જે રીતે બાળકનો જન્મ થાય છે ત્યારે માની ચેતના અને નવજાત જન્મેલા બાળકની ચેતના બંને એક જ બની રહેલી હોય છે. એક બીજામાં ભળી ગયેલા હોય છે. બાળકને અર્પણ અંગેનું કંઈ જ ભાન હોતું નથી. અહંની ગેરહાજરીમાં થયેલું આવું અર્પણ સાચું અર્પણ હોય છે. ત્યાં જ હોય છે સૂક્ષ્મની અંદર એક આદાનપ્રદાન. આપ લેની એક અદ્‌ભૂત સરકીટ.

અને સૌથી શ્રેષ્ઠ અર્પણ ક્યું ? શ્રી માતાજીને કે સદ્‌ગુરુદેવને કે પછી પરમપ્રભુને શું કાંઈ ભૌતિક ચીજ વસ્તુની જરૂર હોય છે ? ના, એમને જે અર્પણ કરવાનું હોય છે તે શ્રેષ્ઠ અર્પણ હોય છે. આપણા પોતાના મનનું - મનની તમામ ક્રિયાઓનું ઈચ્છાઓ ને, પ્રાણમય આવેગોનું આપણી પ્રકૃતિનું - પણ તમે તમારી રીતે તો આ નહિ કરી શકો. એમાં પણ તમારે



માતાજીની જ સહાય લેવી પડે છે, જો તમે તમારી રીતે આ વસ્તુઓનું અર્પણ કરવા પ્રેરાઓ છો ને વર્તો છો તો નક્કી માનજો કે તમે પોતે નહિ પણ તમારી અંદરની ચૈત્ય ચેતના જ તમને આ પ્રકારનું અર્પણ કરાવી રહી છે. તમે તમારી રીતે આવું અર્પણ કરી જ નહિ શકો. ભગવાન કોઈની પાસેથી ક્યારે કશુંક માંગતા હોય છે. અને લે છે પણ ખરા. તે એક રહસ્ય હોય છે. આપણી આંતરિક અવસ્થા કેવી હોય છે તથા અર્પણ પાછળ કંઈ ભાવના હોય છે તે વાત ઘણી ઘણી મહત્વની બની રહે છે.

આપણે સૌ અબુધ માનવો આ 'અર્પણએ શું હોય છે તેના મૂળ અર્થમાં કંઈ પણ જાણતા હોતા નથી. પણ શ્રી માતાજીએ આપણને આ મૂલ્યવાન વસ્તુ ચરિતાર્થ કરીને બતાવી એ માતાજીને જ આપણે આપણાથી શક્ય તેટલું ને તે રીતે અર્પણ કેમ ન કરીએ ? અને અદ્‌ભૂત જાદુ જીવનની અંદર કેવી તો અદ્‌ભૂત રીતે કામ કરતો થઈ જાય છે તે કલ્પનાતીત હોય છે. જો તમારા શોખ, તમારી પસંદગીઓ ને, તમારા ધનને, તમારા કહેવાતા વૈભવ ને જાહોજલાલીને માતાજી લઈ લેવા માંગતા હોય તો આનંદ પૂર્વક તેમના ચરણોમાં સોંપી દેવા તૈયાર રહેજો. કારણ કે તમારી કહેવાતી દુન્યવી સંપત્તિના બદલામાં મા ભગવતી તમને જે કંઈ આપે છે તેની સરખામણીમાં તમારી સંપત્તિ તો મીંડું જ હોય છે. શ્રી માતાજી બદલામાં આપણને જે કંઈ આપે છે તેનું મૂલ્ય કરવું અઘરું છે. તેનું મૂલ્ય આંકી શકાય જ નહિ. કારણ કે દિવ્ય મા જ્યારે તેના બાળકને આપવા માંગે છે ત્યારે તે પોતાની સમગ્રજાતને આપી દેતી હોય છે. તમારા વિકાસના ડગલે ને પગલે એ ઊભી રહે છે, તમારી વેદનાઓને પડેલા ઘા માં પરમ આનંદની લ્હાણી કરતી રહે છે. તમને સમતાના એવા તો અલૌકિક સ્થાને લાવીને મૂકી દેતી હોય છે. જ્યાં પછી તમે કદાપિ અધીરા ને ઊતાવળા અશાંત બની શકતા હોતા નથી. તમારી પાસેથી

કોઈ વસ્તુને માતાજી જ્યારે ખેંચી લેતા હોય છે ત્યારે તમે નારાજ થવાને બદલે તમે એમ સમજો કે એ વસ્તુ તમારા વિકાસમાં જરૂરી હોતી નથી. જે વસ્તુ આપણને સૌથી વધારે વહાલી હોય ને તે જ વસ્તુને માતાજી છીનવી લે ત્યારે તેની પાછળ માતાજીની પૂર્ણ કૃપા રહેલી હોય છે તેમ સમજીલો ને તમે તે સમયે હસતા રહો તે પણ તમારું અર્પણ છે એમ સમજો. તમારા વિકાસને માટે તમારી પાસેથી જે વસ્તુઓને છીનવી લેવામાં આવતી હોય છે. તેની પાછળ આધ્યાત્મિક રહસ્ય હોય છે. જે પ્રાણમય સંબંધોની જરૂર હોતી નથી. તેવા સંબંધો પણ તૂટે તો તેમાં માતાજીની કૃપા સમજો. તમે માતાજીને કંઈક અર્પણ કરો કે ન કરો તેમ છતાં માતાજીના કાર્યોમાં કશી રૂકાવટ આવવાની નથી કારણકે તમારું અર્પણ તમારા ભાગ્યમાં હોય તો જ તમે કરતા હો છો. એની સીધે સીધી પ્રેરણા કે વિચાર તમારી અંદર જાગે ત્યારે કંઈપણ વિચાર કર્યા વગર, તમે અર્પણ કરો. અર્પણ કરતી વખતે મનમાં કશા વિચાર કરશો નહિ કે આ અર્પણ કરવાથી મને શું લાભ ? તો એ કરેલું અર્પણ નિષ્ફળ જતું હોય છે.

એકવાર પણ આ રીતે તમે મા ભગવતીને સમર્પિત થયા તો મા ભગવતી સ્વયં તમારી પોતાના બનીને તમારા કાર્યો કરે છે. તમારે ત્યાં તેઓ સૂક્ષ્મ ચેતના સ્વરૂપે આવે પણ છે. ને એમની સૂક્ષ્મ ઉપસ્થિતિની અનુભૂતિ અખંડ આપ્યા કરતી રહે છે. સાધકમાં સાચું સમર્પણ સ્વાત્મ-અર્પણ - પોતાની જાતનું જ અર્પણ - છે અહંકાર અને આપણી ઈચ્છાનું અર્પણનાં સમર્પણ ન હોય તો આપણા આખા સ્વરૂપનું કોઈ રૂપાંતર થઈ શકતું જ નથી.



# નવીન જગતનો જન્મ

## ૧૯૫૬ - ૨૯ ફેબ્રુઆરી-૨૯ માર્ચ

પ્રભુ- આપે સંકલ્પ કર્યો છે અને હું તેને સાકાર કરું છું :
પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રગટી રહ્યો છે,
એક નવીન જગત જન્મ પામ્યું છે,
જે જે વસ્તુના વચન અપાયાં છે તે બધી સિદ્ધ બની છે.

**- શ્રી માતાજી**

## ૨૪ એપ્રિલ, ૧૯૫૬

પૃથ્વી ઉપર અતિમાનસનો આવિર્ભાવ થશે એ હવે માત્ર એક વચન રૂપે જ નથી રહ્યું. એ હવે એક જીવતી હકીકત, એક વાસ્તવિક સત્ય બની રહ્યું છે.

એ અતિમાનસ હવે અહીં કામ કરી રહેલું છે, અને એક દિવસ એવો આવશે કે જ્યારે જગતના અંધમાં અંધ માણસોને, અચેતનમાં અચેતન માણસોને તમે જે જે લોકો આ વસ્તુને સ્વીકારવાને લેશ પણ તૈયાર નથી તેવાઓને પણ તેનો સ્વીકાર કરવાની ફરજ પડશે.

**- શ્રી માતાજી**

## સર્વ અભીપ્સુઓને

આ નવી શક્તિ પ્રત્યે તમારી જાતને ખુલ્લી કરો. તમારી અંદર તેને તેનું રૂપાંતરનું કાર્ય કરવા દો.

એપ્રિલ , ૧૯૫૬ **-શ્રી માતાજી**



અતિમનસનું પ્રતિનિધિત્વ ધારણ કરતી
એક નવી માનવજાતિ અસ્તિત્વમાં આવશે.
**- શ્રી અરવિંદ**


**નવું પ્રકાશન**

## માતૃ દર્શન

શ્રી માતાજીના **The Mother's Vision** ગ્રંથના આધારે શ્રી માનસિંહભાઈ ચાવડાએ તૈયાર કરેલું આ પુસ્તક શ્રી અરવિંદ યાગેદર્શનના સર્વે અભીપ્સુઓને ઉપયોગી નીવડે તેવું છે. આ પુસ્તકનું અમારા કેન્દ્રતરફથી ગુજ.ભાષામાં સરળ રીતે સમજી શકાય તેવી રીતે તૈયાર કરી તેનું પ્રકાશન કરેલું છે.

**કિંમત : રૂા. ૨૦૦/-**

દસ નકલ ખરીદ નાર કેન્દ્રોને નકલ દીઠ રૂા.૮૦/- માં આપવામાં આવશે. તથા વ્યક્તિગત ખરીદ કરનારને રૂા.૧૨૦/-માં મળી શકશે. તમારો ઓર્ડર આજે જ નોંધાવો.

પ્રાપ્તિ સ્થાન
**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**
૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫




# સાવિત્રી-સાર

પ્રકરણ - ૬૫ - દિવ્ય હાજરીનું દિવ્યકાર્ય

**- માનસિંહભાઈ ચાવડા**

A presence wrought behind the ambiguous screen:
It beat his soil to bear a Titan's weight.
Refining half-hewn blocks of natural strength.
It build his soul into statued God.
The craftman of the magic stuff of self
Who labours at his high and difficult plan
In the wide workshop of the wonderful world,
Modelled in inward Time his rhythmic parts.
Savitri B-1 C-3, P - 25

ભૌતિક શરીરના રૂપાંતરનું કાર્ય પ્રભુએ ઉપાડયું છે વિશ્વાતીત પુરૂષનું જાણે સીધે સીધું કાર્ય - direct - action - શરૂ થયું છે. પણ તે કાર્ય હજી પડદા પાછળ રહીને કરવામાં આવે છે. અપરા પ્રકૃતિમાંથી દિવ્ય પ્રકૃતિમાં અશ્વપતીએ પ્રવેશ કરેલો હોવા છતાં આ પ્રવેશ કાયમી સ્વરૂપનો થએલ નથી. ટેવ મુજબ - અશ્વપતી અપરા પ્રકૃતિના ઉછાળાનો ભાગ બની જતા. તેની

ચેતના ઉપર જાણે અચિત્‌નો હુમલો થતો. એક જડ, અસંવેદનશીલ પળ નિર્માણ થતું, અશ્વપતીને ઘેરી ગુંગળામણ થતી, અવસાદ અને અસ્વથતાની ઘેરી અસર નીચે અશ્વપતી આવી જતા, આવો ધૂપછાંવનો ખેલ હજી શરૂ હતો. પ્રભુ જાણે સંતાકુકડી રમતા હતા. પણ આવા અવસાદનાં ગાળામાં પણ અશ્વપતીને પોતાના આર્તનાદનાં પ્રત્યુતર તરીકે એક દિવ્યહાજરીનો અનુભવ થતો. - ક્યાંક ઉંડે ઉંડે હૃદયના ઉંડાણમાં.

આ હાજરીનો તણખો એટલે જ ચૈત્ય તત્વ હોય છે જેની આજુબાજુ દિવ્ય પ્રકૃતિએ પોતે એક સ્વરૂપ રચેલું હોય છે. જેને આપણે ચૈત્યપુરૂષ કહીએ છીએ. આ દિવ્યહાજરી સ્વરૂપ ચૈત્યતત્વ પ્રાણીમાત્રમાં હોય છે, પછી તે માનવ હોય કે માનવેતર. પણ દિવ્યપ્રકૃતિની રચના સાથેનો ચૈત્યપુરૂષ એ તો માનવોમાં જ દેખાતી ખાસ દિવ્યરચના છે. ચૈત્યપુરૂષ એટલે પેલા દિવ્યહાજરીના તણખાની આજુબાજુ દિવ્યપ્રકૃતિએ રચેલું પેલા તણખા સાથેનું સ્વરૂપ હોય છે.

આ દિવ્ય તણખો એ સાક્ષીભૂત આત્મા હોય છે. તે પરાત્પર પ્રભુનાં અનંત આવિર્ભાવ કેન્દ્રોમાંનાં એક વિશિષ્ઠ કેન્દ્રનો અંશ હોય છે.પરમ પ્રભુનો અંશ એટલે જીવાત્મા જે મસ્તક ઉપરનાં કેન્દ્રમાં હોય છે. તેનો નીચે હૃદયમાં ઉતરી આવેલો અંશ તે આ દિવ્યહાજરી-ચૈત્યતત્વ. આને શ્રી અરવિંદ A presence કહે છે. 'A' ઉપપદ લગાડવાનું કારણ એ છે કે તે આવી અનેક જીવાત્માના અનેક આવિર્ભાવ કેન્દ્રોમાંનું એક છે.

આ દિવ્યહાજરીનો તણખો સતત કાર્યરત હોય છે. ઉર્ધ્વમાં મસ્તકની ઉપર રહેલ જીવાત્માને અક્ષરપુરૂષ પણ કહે છે. કારણ તે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં પ્રવેશેલો હોતો નથી. હૃદયમાંની દિવ્ય હાજરીના તણખાનું તે મૂળ હોય છે. તેનો જ જાણે નીચે ઉતરી આવેલો સનાતન અંશ હોય છે. (મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ - ગીતા)



આ દિવ્ય તણખો જ ઉર્ધ્વમાં રહેલ પોતાના પિતા જીવાત્મામાંથી આવતી પ્રેરણાઓનું સ્વિકાર કેન્દ્ર હોય છે. તે જાણે ચૈત્યપુરૂષનું એન્ટીના છે, રીસીવિંગ સ્ટેશન છે. જીવાત્માએ પરાત્પર પ્રભુનો અનંતરૂપે પ્રકટ થવાનાં જે આદિ-સંકલ્પ કરેલ છે. તેનું એક પાસુ ઉપ-સંકલ્પ તરીકે પોતામાં ધારણ કરેલું હોય છે. આ સક્રીય સંકલ્પની સક્રીયતા ને કારણે તેમાંથી જે નાદ અથવા કંપનો નિર્માણ થતા હોય છે તે જ પેલો તણખો પ્રેરણાઓ તરીકે સ્વિકારે છે અને ચૈત્યપુરૂષની દિવ્યપ્રકૃતિ તે અનુસાર અભિપ્સા સેવતી થાય છે. જે પ્રેરણાઓ મન પોતાની ક્ષમતા અનુસાર જ્ઞાન તરીકે ધારણ કરે છે. તે જ્ઞાનમાંથી ક્ષમતાનુસાર પ્રાણ ઈચ્છા તરીકે ધારણ કરે છે અને ઈચ્છામાંથી પાર્થિવતત્વ પોતાની ક્ષમતા અને સમજણ અનુસાર કૃતિ તરીકે ભૌતિક સ્તરે પ્રકટ કરે છે. આમ તે દિવ્યતણખાની પ્રેરણા નીચેની પરા અને અપરા પ્રકૃતિનાં મન, પ્રાણ, શરીર દ્વારા જ્ઞાન, ઈચ્છા કૃતિમાં રૂપાંતર પામતાં પામતાં અંતે ભૌતિક સ્તરે વાસ્તવિક બનતી હોય છે.

પેલા દિવ્યતણખાની પોતાની પ્રેરણાઓને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવાની આ અપરા પ્રકૃતિ પાછળની પ્રક્રિયાને શ્રી અરવિંદ અહિં A presence wrought behind the ambiguous screen તરીકે વર્ણવે છે. અપરા પ્રકૃતિનાં મન, પ્રાણ, શરીરની અક્ષમતાને કારણે તે મધ્યમાં અસ્વાર બની જાય છે. ambiguous બની જાય છે એવું શ્રી અરવિંદ અહિં સૂચવે છે.

પણ આ દિવ્યતણખો તદ્દન જડ, તમોગ્રસ્ત ભૌતિક તત્વ ઉપર દબાણ લાવીને પણ તેને સંવેદનશીલ અને અનુરૂપ કરવાનો પોતાનો પ્રયત્ન છોડતો નથી. તે જાણે કુંભાર માટીને મસળી મસળીને માટલાં બનાવવાને યોગ્ય બનાવે તેમ પોતાની આ મસળવાની પ્રક્રિયા ચાલુ રાખે જ છે. આ ગુંચળું જ સાધકોને ગુંગળામણ યાતના, દુઃખ, રોગ જેવા એકથી એક પ્રખર સંવેદનો

તરીકે જણાય છે.

આ મસળવાની પ્રક્રિયા પાછળનો પેલા તણખાનો એક જ ઉદ્દેશ હોય છે. પરમ-ચેતનાને તે આધાર ધારણ કરે અને તેને યોગ્ય કાયમી સ્વરૂપે પ્રકટ કરે. ધારણ કરવાની પ્રક્રિયાને રિદ્ધિ કહે છે. પ્રકટ કરવાની પ્રક્રિયાને સિદ્ધિ. આ રિદ્ધિસિદ્ધિ માટે જ આ અખંડ પ્રક્રિયા ચાલતી હોય છે. પરમ-ચેતનાની અસીમતા સામે સાધકની સંકુચિત ચેતના બહુ વામણી લાગે છે. અને તેને પ્રકટ કરવાની મથામણ સાધકને એક મુશ્કેલ કાર્ય લાગે છે. આ ભાવ પ્રકટ કરવા શ્રી અરવિંદ 'Titan's weight' શબ્દ વાપરે છે. પરમ-ચેતનાનું જ તે દબાણ હોય છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે "It beat his soil to bear Titan's weight." Titan નો અર્થ કોઈ શેતાનનું કાર્ય એવો ન લે માટે 'T' કેપીટલ કરીને આ ભાર દિવ્ય-ચેતનાનો છે એવું શ્રી અરવિંદ સૂચવે છે. ઘણા ધર્મોમાં આવા અસૂરોની પણ કલ્પનાં છે.

આ દિવ્ય-તણખો જે મન, પ્રાણ શરીર રૂપી આધારને બદલવા માંગે છે, તેમનું રૂપાંતર કરવા માંગે છે તે તદ્દન જડ અને તમોગ્રસ્તતો નથી જ. ઉત્ક્રાંતિમાં માનવે તે તત્વોને થોડાઘણાં ઉત્ક્રાંતિ કરેલાં જ છે. ધાર્મિક, નૈતિક સંસ્કારોથી તે સુસંસ્કૃત છે પણ આ પ્રગતિ હજી ઘણી અધૂરી હોય છે. તેથી શ્રી અરવિંદ તેમને 'half-hewn blocks' કહે છે. હજી તે થોડા જ ઘડાયેલાં છે તે માટે તેમને 'half-hewn' કહે છે અને તેમણે પોતાના નિશ્ચિત ઘડતરો કરેલાં છે, અંધશ્રદ્ધા, ધાર્મિક માન્યતાઓ, નૈતિક કલ્પનાઓ, અધકચરી પરલોકની કલ્પનાઓ વગેરેથી આ ઘડતર થએલ છે. તે સૂચવવા 'block' શબ્દ વાપર્યો છે આ ઘડતરો પણ આગળ 'blocking' લાગે છે અવરોધરૂપ લાગે છે. આ જ અર્થમાં શ્રી અરવિંદ 'The religious must go' એવું કહે છે. તેઓ કાંઈ રાજકીય બિન સાંપ્રદાયિકતાના પુરસ્કર્તા નહોતાં પણ બધા



ધર્મોથી આંતરિક રીતે ઉપર ઉઠવાની આ વાત છે. ધર્મોનું સત્ય સમજી તેના નિરૂપયોગી ભાગને ત્યાગવાની વાત છે. તો આવા અર્ધ ઘડાયેલી મનપ્રાણ પાર્થિવ તત્વની ઈંટોને વધારે શુદ્ધ કરવા માટે, દિવ્ય કરવા માટેનું આ દબાણ હોય છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે 'Refind half-hewn blocks of natural strength.' શ્રી અરવિંદ અહિં આ blocks માટે એક વિશેષણ વાપરે છે - 'of natural strength.' આ આધારભૂત તત્વોમાં એક નૈસર્ગિક ક્ષમતા છે અને તે ક્ષમતા છે પ્રભુના સંકલ્પને ભૌતિક સ્તરે અવતરણ કરાવી વાસ્તવિક કરવાની - જ્ઞાન, ઈચ્છા કૃતિ સ્વરૂપે તેમને વ્યક્ત કરી ભૌતિક સ્તરે પ્રકટ કરવાની. આ તેમની નૈસર્ગિક ક્ષમતાઓનો ઉપયોગ પ્રભુના સંકલ્પને વાસ્તવિક બનાવવા કરવામાં આવે છે.

આ આખી પ્રક્રિયાનો મૂળ હેતુ કે પરિણામ શું છે ? તેનો મુળ ઉદ્દેશ છે પ્રભુને ભૌતિક સ્તરે સાકાર કરવા અને આ સાકાર રૂપ પ્રભુવતી કોણ ધારણ કરે છે તો તે પેલો દિવ્ય તણખો પોતે. શ્રી અરવિંદ દિવ્યતણખાને અહિં આત્મા તરીકે, 'soul' તરીકે ઉલ્લેખ કરે છે. આ તણખો કોણ છે તો તેનો જવાબ આપે છે તે જ આ ઘડતરનો કારીગર છે 'craftman' છે અને ક્યા કાચા માલમાંથી આ કારિગર પોતાનું રૂપ સર્જે છે. તો તે છે મન, પ્રાણ અને શરીર રૂપી આધાર તત્વમાંથી. તે જ આત્માનું સાકાર થવાનું દ્રવ્ય છે. શ્રી અરવિંદ અહિં આ આધારભૂત દ્રવ્યને આશ્ચર્યકારણ વિશેષણથી 'magic' શબ્દથી નવાજે છે, કારણ તેઓમાં તો પ્રભુના સંકલ્પને સાકાર કરવાની ક્ષમતા છે. જ્ઞાન-ઈચ્છા-કૃતિ રૂપ આ મેજીકથી જ તેઓ પ્રભુના સંકલ્પોને સાકાર કરે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે It build his soul into statued God, the crftman of the magic stuff of self' શ્રી અરવિંદ અહિં God નો આદ્યાક્ષર કેપીટલ કરીને એ જણાવે છે કે આ તણખો પોતે સાકાર થતો હોવા છતાં ખરેખર તે પોતાને જ પ્રકટ કરવા માગતો નથી પણ પોતે જેનો સાચો

પ્રતિનિધિ છે એવા પરાત્પર પ્રભુને પ્રકટ કરવા માગે છે. ફક્ત દિવ્યતણખો કટ થાય એ પૂર્ણતા નથી. ત્યાં તે પોતાને સદા પરમ-પ્રભુના અંશ તરીકે અનુભવે છે. પરમ-પ્રભુ અંશી તરીકે અનુભવાય છે પણ પરમ સત્ય આ નથી.

આથી પણ ઉર્ધ્વમાં એક સત્ય છે જેમાં અંશ-અંશીભાવ પણ જતો રહે છે આ વિશિષ્ઠાદ્વૈતનો ભાવ પણ જતો રહે છે (રામાનુજાચાર્યનો) અને રહે છે ફક્ત શુદ્ધ અદ્વૈતભાવ (શંકરાચાર્યનો) અર્થાત શંકરનું શુધ્ધાદ્વૈત પણ અંતિમ સત્યતો નથી જ. ત્યાં પણ જગતના મિથ્યાત્વનો ભાવ હોય છે. તેની પણ ઉપર જઈને જ્યારે જગત પણ ઈશ્વરરૂપ સત્ય લાગે છે, બધું જ 'ઈશાવાસ્ય' લાગે છે, તે ચિદ્‌બિલાસવાદ જ અંતિમ સત્ય છે. શ્રી અરવિંદ આવા પૂર્ણયોગને અનુસરે છે. તેમાં પ્રકૃતિની અયાર્થતા અને આભાસની ભાવના પણ ખરી પડે છે. રહે છે ફક્ત ચૈતન્યની લીલા. સાકાર અને નિરાકાર તરીકેની - વ્યક્ત અને અવ્યક્ત તરીકેની તે દિવ્યતણખો ચૈતસિક કક્ષાએ પોતાના પ્રયત્નો કરતો હોય છે. જે સર્વ સામાન્ય સાધક માટે પણ ગૂઢ ભૂમિકા છે ખૂબજ ઉર્ધ્વની ભૂમિકા છે અને ત્યાંની પ્રક્રિયા મનોમય પ્રયત્નથી સમજવી પણ મુશ્કેલ છે તેથી શ્રી અરવિંદ જણાવે છે કે Who labours at his high and difficult plan અહિં plan નો અર્થ જીવાત્માએ ધારણ કરેલા સંકલ્પાનુસારનું દિવ્ય-આયોજન, જે આ તણખાને દિવ્ય-પ્રેરણા તરીકે અનુભવાય છે.

અખિલ બ્રહ્માંડમાં આવા અનંત દિવ્યતણખાઓ કાર્યરત છે આ બધાની મળીને જે અખિલ બ્રહ્માંડ સ્વરૂપ જે પ્રયોગશાળા છે તે કેટલી વિશાળ છે એની કલ્પના કરી જુઓ. જીવન દરમિયાન આવા દિવ્યતણખા જાણે On duty હોય છે. ફીલ્ડવર્ક કરતાં હોય છે અને મૃત્યૂબાદ તેઓ જાણે ઓફિસમાંનું ટેબલવર્ક કરતાં હોય છે તેથી શ્રી અરવિંદ આને 'wide workshop' કહે છે.




તે ચૈતસિક જગત તો સંપૂર્ણરીતે પ્રકાશપૂર્ણ જગત છે. વિવિધ પ્રકાશરંગોનો અદ્‌ભૂત ખેલ છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે 'In the wide workshop of the wonderful world'

આ જગત સનાતન છે તે ભૌતિક જગત જેવું નાશવંત નથી. ત્યાં સદાવર્તમાન કાળ જ હોય છે. ચેતનાની સંકુચિત એકાગ્રતા જ આ ત્રિકાળના ભેદ રચે છે. સંકુચિત - pinpointed attention જ ચલિત થતું હોય છે, shift થતું હોય છે અને તેથી ભૂત વર્તમાન, ભવિષ્યકાળ તેના ચલનને કારણે અનુભવાય છે. જ્યાં સંકુચિત નહિ પણ સમગ્રતાને આવરી લેતી અસીમ, વિશાળ એકાગ્રતા હોય છે ત્યાં એકાગ્રતાનું ચલન હોતું નથી અને તેથી ત્રિકાળ નો અનુભવ હોતો નથી ત્યાં હોય છે સદા વર્તમાનકાળ જેને સનાતનકાળ, અકાળ મહાકાળ કહેવામાં આવે છે. તે ત્રિકાલાતીત અવસ્થા છે. આવા સનાતન કાળને આંતરિક રીતે જ અનુભવી શકાય છે. તેથી શ્રી અરવિંદ તેને 'inward Time' કહે છે. આ આપણાં સ્વપ્ન-દરમિયાનના સમય કરતાં જુદો હોય છે. તે પણ એક રીતે inward હોય છે પણ તે ત્રિકાળનો જ સૂક્ષ્મ પ્રકાર છે તે સનાતન કાળ નથી તેથી શ્રી અરવિંદ 'T' કેપીટલ કરીને ભેદ દર્શાવે છે. અને આ સનાતન કાળમાં સમય વેડફાવાની, સરી જતો હોવાની અસ્વથતા હોતી નથી, નિરાંત હોય છે. સ્વસ્થતા અને સંવાદમયતા હોય છે. આવા સનાતનકાળમાં તે તણખો પોતાના મન, પ્રાણ શરીરરૂપી બનેલાં નવા ભાગોને સંવાદમય સ્થિતિમાં ગોઠવી આપે છે તેથીશ્રી અરવિંદ જણાવે છે કે 'Modelled in inward Time his rythmic parts.'

અહિં ચૈતસિક રૂપાંતરની આંતરિક પ્રક્રિયાને શ્રી અરવિંદે ખૂબજ સ્પષ્ટ રીતે વર્ણવી છે.

તો આ છે દિવ્યતણખાનું દિવ્ય-કાર્ય અને આ જ છે તેનું દિવ્ય-પ્રયોજન.



# આવકાર

આપનું તપ અખંડ તપો, આપની સાધના અવિરત રહો

જામનગર ૧૦.૧૨.૦૭ **ડૉ. કિશોરભાઈ દવે**

ડિસેમ્બરમાસનો સહજ-સત્સંગનો અંક વાંચવા જેવો છે. આ યાત્રા દરેકે કરવાની જ છે. તમે ઘણુંબધું અજ્ઞાન દૂર કરવામાં મદદ કરી છે. વધુ પાંચ અંકો મોકલવા વિનંતી છે.

વડોદરા **હસુબેન**

પ્રત્યેક માનવ મર્ત્યશીલ છે અને મૃત્યુ પાછળ શોક શા માટે ? આ વાત ગળે ઉતરી જાય તે રીતે સમજાવી છે..... એવું મરણ તો માત્ર પૂર્ણતાનું પ્રારંભિક અને પ્રોત્સાહક તત્વ છે તેથી મૃત્યુને સમાપ્તિ ન કહી શકાય પણ સફળતા જ કહેવી ઉચિત છે.

ભાણવડ ૧૧.૧૦.૦૭ **ડૉ.ભાનુબેન રાયઠઠ્ઠા**



આપણું મૃત્યુ શા માટે હોય છે ? મૃત્યુ વિશેના ઉદાત્ત-ઉચ્ચ-તથા સત્ય સભરના મૌલિક સાથેનો શ્રી અરવિંદ-માતાજીનો અંક તથા વિચાર લેખમાળાઓ ગમી.

અમદાવાદ **પ્રકાશભાઈ**

આખો અંક વાંચતા જ ખૂબ જ આનંદના સ્પંદનો અનુભવાય છે.

ચીખલી **ભરત**

આપનું કાર્ય સતત પ્રેરણા ને હૂંફ આપી અમી દૃષ્ટિ આપ્યા કરે છે, ભગવતીના આ કાર્યને વધુ ઊર્ધ્વ પ્રતિ, વધુ ને વધુ વિકસે તેવી માતાજીને પ્રાર્થના છે.

મુબારકપુર **મહેન્દ્રકુમાર નારણભાઈ**

મહાઅવતાર શ્રી અરવિંદ અને પૂ.માતાજીના અતિમનસ અવતરણના નવા નવા 'નિત્યનૂતન ઉન્મેષો આપની કલમમાંથી પ્રગટ થતા રહે છે ને એ અમૃતનું પયપાન અમને કરાવતા રહ્યા છો. ''સહજ-સત્સંગ'' દ્વારા અનેકોના જીવનનું રૂપાંતર સાધવામાં આપ નિમિત્ત બની રહ્યા છો. શતં જીવ શરદ, આ યુગકાર્ય શ્રી અરવિંદના - શ્રી માતાજીના સાધકો માટે સદાય યાદ રાખશે.

૩.૧.૦૮ **કુલીન પુરાણી**